**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૯ ટકા

# ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર : પારો ૧ ૨.૯

## ઉત્તર ભારતમાં થઈ રહેલી હીમવર્ષાની સીધી અસર ગુજરાત સહિત ગાંધીનગર ઉપર થતાં છેલ્લા ત્રણ દિવસમાં પારો ચાર ડિગ્રી ગગડ્યો

ગાંધીનગર, તા. ૨૦

ઉત્તર ભારતમાં થયેલી હીમવર્ષાના પગલે ગાંધીનગર સહિત ગુજરાતમાં ઠંડીનું મોજું તીવ્ર બન્યું છે. ગઈકાલે મોડી રાતથી ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન ૧૨.૯ નોંધાયું છે. જે સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછું છે. અર્થાત્ ગાંધીનગર ગુજરાતનું સૌથી ઠંડુ શહેર હતું. ખુલ્લા વાતાવરણ અને હરીયાળીના કારણે ગાંધીનગરમાં સહજ રીતે ઠંડી વધારે લાગતી હોય છે. ત્યારે ઉત્તર ભારતમાં હીમવર્ષા સૌથી વધુ અસર ગાંધીનગર મહાનગરમાં વર્તાય છે.

ગાંધીનગરમાં ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ગઈકાલે રાત્રે પણ ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ગગડીને ૧ ૨.૯ ડિગ્રી સે. સુધી પહોંચ્યુ હતુ.

નાગરિકોને રાત્રી દરમિયાન ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરિયાત ઉભી થઈ હતી. દિવસ દરમિયાન ૩૧.૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ હતુ. બપોરે નાગરિકો એસી અને પંખામાં રહેતા જોવા મળે છે જ્યારે સાંજ



પડતા ઠંડીનો પારો ગગડી જતા ઠંડીનો અહેસાસ થવાથી લોકોને ગરમ કપડા પહેરવાનો વારો આવી ગયો છે. હજુ પણ પારો ગગડીને ગાંધીનગરને ઠંડુગાર કરી મુકશે. ગાંધીનગરમાં ઠંડી છેલ્લા ઘણા વર્ષથી બીજા શહેરો કરતા વધારે પડતી અનુભવાતી રહી છે. દિવસે તડકો લોકો માટે ઉપયોગી બની રહ્યો છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થઈ રહ્યા છે. પારો ગગડીને ૧ ૨.૯ ડિગ્રી સે. થયો છે. છેલ્લા ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાન ચાર ડિગ્રી જેટલુ ગગડતા લોકો ગરમા ગરમ વસ્ત્રો સહિત ગરમા ગરમ ખાણી-પીણી પસંદ કરી રહ્યા છે.


તારીખ ૧૮મી નવેમ્બરે મહત્તમ તાપમાન ૩૧.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમન ૧૩.૩ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧ ૨.૯ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૩૧.૫ ડિ.સે. નોંધાયુ હતુ. આમ લઘુત્તમ તાપમાન ૧ ૨.૯ ડિ.સે.એ આવી જતાં નગરજનો ઠંડીનો સામનો કરી રહ્યા છે.

# આજે પ્રદોષ વ્રતઃભગવાન શિવને પ્રસન્ન કરવાનું વ્રત

## પ્રદોષ વ્રત અન્ય વ્રતની તુલનાએ ઝડપથી ફળ આપે છે

ગાંધી.તા.૨૦

માગશર મહિનાની કૃષ્ણ પક્ષની તેરસ તિથિએ મહિનાનું પ્રથમ પ્રદોષ વ્રત રાખવામાં આવે છે, માગશર માસના આ પ્રદોષ વ્રતને ખુબ શુભ માનવામાં આવે છે. જો કે આ વ્રત સોમવારે પડી રહ્યો છે તો આને સોમ પ્રદોષ વ્રત કહેશુ. પ્રદોષ વ્રત અને સોમવાર બંને ભગવાન શિવને સમર્પિત છે. એવું કહેવાય છે કે સોમ પ્રદોષ વ્રતના દિવસે ભગવાન શિવની પૂજા કરવાથી બધા સંકટ દૂર થઈ જાય છે.



**માગશરના સોમ પ્રદોષનો શુભ સમયઃ**

હિંદુ ધર્મમાં પ્રદોષ વ્રત દર મહિનાના કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષની ત્રયોદશી એટલે તેરસની તિથિએ મનાવવામાં આવે છે. હિન્દુ પંચાંગ અનુસાર, કૃષ્ણ પક્ષની ત્રયોદશી તિથિ ૨૧ નવેમ્બર, સોમવારના રોજ સવારે ૧૦.૦૭ વાગ્યાથી ૨૨ નવેમ્બર મંગળવારના રોજ સવારે ૦૮.૪૯ વાગ્યા સુધી રહેશે. આવી સ્થિતિમાં ૨૧ નવેમ્બર સોમવારના રોજ માગશરનું પ્રથમ પ્રદોષ વ્રત મનાવવામાં આવશે. આ દિવસે સાંજે ૦૫:૩૪ થી ૦૮:૧૪ સુધી ભગવાન શિવની પૂજા કરવાનો શ્રેષ્ઠ સમય છે.

**પૂજાની સામગ્રીઃ**

સોમ પ્રદોષ વ્રતના દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીની પૂજા કરવાની વિધિ છે. સોમ પ્રદોષ વ્રતની પૂજામાં શિવ-પાર્વતીના શ્રૃંગારની સામગ્રી, કાચું ગાયનું દૂધ, ફૂલ, પાંચ પ્રકારના ફળ, પાંચ પ્રકારની બદામ, પાંચ પ્રકારની મીઠાઈઓ, કપૂર, ધૂપ, બેલપત્ર, અત્તર, દેશી ઘી, મધ, દીવો કપાસ, ગંગાજળ, દાતુરા, ભાંગ, બેર અને ચંદનનો ઉપયોગ થાય છે.

**સોમ પ્રદોષ વ્રતની પૂજા-વિધિઃ**

પ્રદોષ વ્રતમાં ભગવાન શિવની પૂજા સૂર્યાસ્તના ૪૫ મિનિટ પહેલાં અને સૂર્યાસ્ત પછી ૪૫ મિનિટ પછી કરવામાં આવે છે. માગશર સોમ પ્રદોષ વ્રતના દિવસે વહેલી સવારે સ્નાન કર્યા પછી સ્વચ્છ વસ્ત્રો પહેરો. આછા લાલ કે ગુલાબી રંગના કપડાં પહેરવા શુભ માનવામાં આવે છે.

આ પછી ભગવાનને ફળ, ફૂલ, મીઠાઈ, ધૂપ અને અન્ય જરૂરી વસ્તુઓ અર્પણ કરો.આ પછી ચાંદી અથવા તાંબાના વાસણમાંથી શુદ્ધ મધની ધારા સાથે શિવલિંગ પર ચઢાવો.

શુદ્ધ જળની ધારા વડે અભિષેક કરો અને ૧૦૮ વાર ઓમ સર્વસિદ્ધિ પ્રદાય નમઃ મંત્રનો જાપ કરો.

આ દિવસે મહામૃત્યુંજય મંત્રનો જાપ અવશ્ય કરવો જોઈએ. શુદ્ધ ઘીનો દીવો પ્રગટાવીને ભગવાન શિવ અને માતા પાર્વતીની આરતી કરો અને તમારા સુખી જીવન માટે પ્રાર્થના કરો.

### રાહુલ ગાંધી તેમને મળતા મેસેજની ખરાઈ કરતા નથી

# કોંગ્રેસના નેતાઓ વ્યક્તિગત એજન્ડા માટે જ કામ કરે છે : અલ્પેશ ઠાકોર

## અલ્પેશ ઠાકોરે રાહુલ ગાંધીની નબળાઈ જણાવતા તેમણે વીર સાવરકર અંગે કરેલી ટિપ્પણીઓની ટીકા કરી



ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર પૂરજોરમાં ચાલી રહ્યો છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા અલ્પેશ ઠાકોર પણ ચૂંટણી પ્રચારમાં લાગેલા છે. ભાજપે તેમને ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક પરથી ટિકિટ આપી છે. અલ્પેશ ઠાકોરે રવિવારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને મોટું નિવેદન આપ્યું.

તેમણે રાહુલ ગાંધીએ વીર સાવરકર પર આપેલા નિવેદનની ટીકા કરતા કહ્યું કે, તેમણે આવી નીચલી કક્ષાની વાત કરીને રાજનીતિ ન કરવી જોઈએ. તેમણે રાહુલ ગાંધીને સવાલ કર્યો કે, તેઓ કયું ભારત જોવા ઈચ્છે છે. ઠાકોરે કહ્યું કે, રાહુલ ગાંધી લોકોને ઉશ્કેરવાનું કામ કરી રહ્યા છે. તેમણે પૂછ્યું કે, જૂના નેતાઓની વાત કરીને તેઓ શું સાબિત કરવા માગે છે? અલ્પેશ ઠાકોરે રાહુલ ગાંધીની નબળાઈઓ ગણાવતા કહ્યું કે, તેમને જે મેસેજ મળે છે તે ખોટો મળે છે કે સાચો, તેની તપાસ નથી કરતા. ગુજરાતમાં કોંગ્રેસના નેતા પાર્ટીને બદલે પોતાના વ્યક્તિગત એજન્ડા માટે કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધીની પાસે સાચી વાત નથી પહોંચી કે પછી તેઓ સાચી વાત સમજવા નથી ઈચ્છતા. જ્યારે ભાજપના નેતા નરેન્દ્ર મોદી હોય કે અમિત શાહ, તેઓ કાર્યકર્તાઓ સાથે સીધા જોડાયેલા રહે છે. બંને નેતા ગ્રાઉન્ડ લેવલ પર કાર્યકર્તાઓ સાથે જોડાયેલા રહે છે.

રાહુલ ગાંધીએ સાવરકર પર કહેલી વાત પર ઠાકોરે કહ્યું કે, સાવરકર અને આરએસએસ માટે બોલીને રાહુલ ગાંધી શું સંદેશ આપવા માગે છે? આ અંગે બોલીને કોંગ્રેસને શું ફાયદો થશે, એ સમજાતું નથી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ નેતા આવા નિવેદનો આપીને લોકોને ઉશ્કેરવાનું કામ કરી રહ્યા છે. ઠાકોરે કહ્યું કે, આવનારા દિવસોમાં ભાજપ રાજ્યને આગળ લઈ જશે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્યએ ઘણું બધું મેળવ્યું છે. તેમણે કહ્યું કે, એ જ કારણ છે કે, બધા 'આ ગુજરાત મેં બનાવ્યું છે' કહી શકે છે.

ભાજપે આ વખતે અલ્પેશ ઠાકોરને ગાંધીનગર દક્ષિણની બેઠક પરથી ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. ૨૦૧૯ની ચૂંટણીમાં તેમને રાધનપુરથી ભાજપે ટિકિટ આપી હતી. પરંતુ તેઓ હારી ગયા હતા. તેઓ ૨૦૧૭ની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં જોડાયા હતા અને રાધનપુર બેઠક પરથી જીત્યા હતા. બાદમાં ૨૦૧૯માં તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતા, પરંતુ પેટાચૂંટણીમાં હારી ગયા હતા.






અગરતલા, ત્રિપુરા ખાતે અખિલ ભારતીય મુલકી સેવા સંગીત, નૃત્ય અને નાટક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિવિધ ૧૯ રાજ્યોએ ભાગ લીધો હતો. તેમાં ગુજરાત સચિવાલય તરફથી ભાગ લીધેલ 'ગુંજન ગ્રૂપ' એ લોકગીત (સમૂહ) માં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. જેમાં ધ્વનિ ઉપાધ્યાય, હિમાની ધંધુકિયા, હર્ષા દાફડા, સ્મૃતિ પટેલ, હેમંગીની ચૌહાણ, મેઘાવી પટેલ, ગોમતી પરમાર અને મિત્તલ વસાવા છે.

# ઘ-૨ વાળા મહેન્દ્રકાકાનો પૌષ્ટીક ગિરનારી કાવો પીવાની મજા ન આવે તો પૈસા પાછા !!

## ઠંડીમાં ગરમી આપનાર પીણું-ગિરનારી કાવાની ફોર્મ્યુલા જુનાગઢથી શીખી લાવ્યા !

ગાંધીનગર : આજના આધુનિક અને કોર્પોરેટ યુગમાં વિવિધ કંપનીઓ તથા વેપારીઓ પોતાનો માલ વેચવા માટે જાતજાતની સ્કીમો તથા ગતકડાં ઉભા કરતા હોય છે. પરંતુ આવી મોટા ભાગની સ્કીમો છેતરામણી અને વેપારીને જ ફાયદો કરાવનારી જ હોય છે, તે આપણે જાણીએ છીએ. માર્કેટમાં વેપારીઓ દ્વારા છેતરપીંડી કરીને "ગાળીયા" કરીને ગ્રાહકોને લોભામણી સ્કીમો દ્વારા ફસાવવાના યુગમાં એક નાનકડો પણ મજાનો પ્રેરણારૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

મુળ વિરમગામના મહેન્દ્રકાકા જયસ્વાલ સને ૨૦૦૯ થી ઘ.૨ સર્કલ ખાતે સોડા વેચીને તેમના પરિવારનું ભરણપોષણ કરે છે. તેમના કાઉન્ટરની ચોખ્ખાઈ અને ગેસથી ભરપૂર લીંબુવાળી સોડા ગાંધીનગરના યુવાઓમાં લોકપ્રિય બની છે. શિયાળાની ઠંડીમાં લોકોની તંદુરસ્તી જળવાઈ રહે અને શરદી-કફ-ખાંસીથી દૂર રહી શકાય તે માટે મહેન્દ્રકાકાએ તાજેતરમાં જ જુનાગઢની ફોર્મ્યુલા મુજબ આરોગ્યને ફાયદો થાય તેવા આયુર્વેદીક ઓસડીયાવાળું સૌરાષ્ટ્રમાં ફેવરીટ અને પૌષ્ટીક ગરમાગરમ પીણું, "જય દત્ત ગિરનારી કાવો" (ઉકાળો) બનાવીને વેચવાનું શરૂ કરેલ છે. તેઓ જણાવે છે કે, "કાવો" પીધા પછી ગ્રાહક રાજાને મોજ ન આવે કે "કાવો" ન ગમે તો ચુકવેલા બધા પૈસા કોઈપણ શરત વગર પાછા આપવામાં આવશે. મહેન્દ્રકાકા જણાવે છે કે, શિયાળાની સીઝનમાં સોડાનું વેચાણ ઘટી જતાં તેમના માટે ઘર ચલાવવું મુશ્કેલ બને છે. તેમજ ગાંધીનગર વાસીઓ આર્યુવેદમાં શ્રધ્ધા ધરાવતાં હોવાથી તેઓ ઠંડીમાં ગરમી આપનાર પીણું-ગિરનારી કાવાની ફોર્મ્યુલા જુનાગઢથી શીખી લાવ્યા છે. તેઓ ખુલ્લી ચેલેન્જ આપતા કહે છે કે, મારા કાઉન્ટરનો ગરમાગરમ કાવો પીધા પછી ગ્રાહકને સંતોષ ન થાય કે મજા ન આવે તો હું તેમના પૈસા પાછા આપીશ. આ માટે તેમના કાઉન્ટર પર તેમણે લેખીતમાં બેનર મુકેલ છે. તેઓ ઉત્સાહીત થતાં કહે છે કે પૈસા પાછા આપવાનો બનાવ કયારેય આવશે જ નહીં. કેમ કે તેઓ તેમની ફોર્મ્યુલામાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે. તેમણે જુનાગઢમાં એક મહીનો રોકાઈને "કાવો" બનાવવાની તાલિમ બરોબર લીધી છે. જે રીતે તેમના સોડાના કાઉન્ટર પર સ્વચ્છતા છે તે જ રીતે "કાવો" બનાવવામાં પણ આરોગ્યની કાળજી રાખવા ઉપરાંત મહેન્દ્રકાકાનું વર્તન જોઈને પણ ગ્રાહકો ખુશ થાય છે. "કાવો" બનાવવામાં તજ, લવિંગ, અળસુ પાન, લીલી હળદર, ગુંદદાણા, દાડમના પાન, કાળી એલચી, આદુ, ફુદીનો, તુલસી, અજમાના લીલા પાન, પીપળમૂળ, જાવંત્રી તથા અન્ય આયુર્વેદિક ઓસડીયાંનો ઉપયોગ કરવામાં આવે છે. શિયાળામાં આ ઓસડીયાને ત્રાંબાના મોટા ઘડામાં બરોબર ઉકાળીને બનેલો "કાવો" પીવાથી શરીરમાં ગરમાટો રહેવાથી શરદી ખાંસી થતી નથી.

મહેન્દ્રકાકા ઘ.૨ સર્કલ ખાતે સવારે ૬.૦૦ થી ૯.૦૦ તથા સાંજે ૫.૦૦ થી મોડી રાત્રી સુધી કાવો વેચે છે. આ માટે શિયાળાના ઠંડીના દિવસોમાં પણ સવારે ૪.૦૦ વાગ્યે જાગીને તૈયારી શરૂ કરી દે છે. સારી કવોલીટીના આદુ-લીલી હળદર તથા ફુદીનો જાતે જ લાવીને ચોખ્ખા પાણીથી ધોઈ નાખે છે. સામાન્ય રીતે





વેપારીઓની એક સાથે એક ફ્રી જેવી સ્કીમમાં બે ગણાં ભાવો લઈને એક સાથે બે વસ્તુ પધરાવવામાં આવે છે. આ જ રીતે વેપારીઓ પહેલાં ભાવ વધારીને ડીસ્કાઉન્ટની લાલચ આપતાં હોવા છતાં ગ્રાહકોને "મફત" તથા "ડીસ્કાઉન્ટ" શબ્દ બહુ પ્રિય હોવાથી સામે ચાલીને છેતરાવાના બનાવો બનતાં હોય છે, તેવા સમયે મહેન્દ્રકાકાનો કાવો પીવાની મજા ન આછે તો પૈસા પાછા આપવાની સ્કીમ ખરેખર અનુકરણીય તથા પ્રેરણારૂપ છે.

# જન્મદિને વધામણી



મિહિરભોજસિંહજી કુલદીપસિંહજી દેવડા



રતનસિંહ મનુભા વાઘેલા
મો. ૯૮૯૮૮ ૨૧૭૪૬



શિલ્પાબેન શાહ
લાયોનેસ કલબ



હાર્દ બ્રહ્મભટ્ટ
૯૯૨૫૦૨૦૩૯૧



ધ્યેય વિશાલ બ્રહ્મભટ્ટ



અમિત બી મેવાડા



પન્નાબેન મનુભાઈ પ્રજાપતિ